# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અરુણાચલપ્રદેશના ઇટાનગરમાં પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુની અનેક વિકાસ પરિયોજનાઓનું ખાતમુહૂર્ત કર્યું ..
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે જીએસટી સુધારાઓ ગરીબો , યુવાનો, ખેડૂતો અને મહિલાઓની સેવા કરવાના પ્રધાનમંત્રીના દ્રઢ સંકલ્પનો પુરાવો
3. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે મોરોક્કોના રબાતમાં ભારતીય સમુદાય સાથે વાતચીત કરીને બંને દેશોના પારસ્પરિક યોગદાનની પ્રસંશા કરી.
4. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને પ્રધાનમંત્રીના ભાષણો પર આધારિત બે સંકલિત પુસ્તકોનું વિમોચન કર્યું
5. દેશભરમાં આજથી નવરાત્રી પર્વનો આરંભ , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને નવરાત્રીની શુભકામનાઓ પાઠવી

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM ARUNACHAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અરૂણાચલપ્રદેશનાં ઇટાનગરમાં પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. જેમાં ત્રણ હજાર 700 કરોડ રૂપિયાથી વધુના બે મુખ્ય જળવિદ્યુત પ્રોજેક્ટ્સ, એક હજાર 291 કરોડ રૂપિયાના 10 અન્ય માળખાકીય પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. ઇટાનગરમં તેમણે સભાને સંબોધતા કહ્યું હતું કે આજે ઇટાનગરમાં અવસરનો ત્રિવેણી સંગમ છે જે અરૂણાચલ પ્રદેશને વિકાસને નવી ગતિ આપશે

## બાઇટ- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી (પ્રોજેકટ)

સભાને સંબોધતા તેમણે વધુમં કહ્યું હતું કે ઇટાનગરમાં તૈયાર થયેલુ કન્વેશન્સન સેન્ટર પ્રવાસનનું કેન્દ્ર બનશે..

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી(પ્રવાસન)

પ્રધાનમંત્રીએ ઇટાનગરમાં એક રોડ- શૉ યોજ્યો હતો. ઇટાનગરના માર્ગો ઉપર મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ પ્રધાનમંત્રીનું અભિવાદન ક્રયું હતું..

બપોરે બાદ, પ્રધાનમંત્રી ત્રિપુરા જશે, જ્યાં તેઓ ઉદયપુર ખાતે પુનઃવિકસિત માતા ત્રિપુરા સુંદરી મંદિરનું ઉદ્ઘાટન કરશે , જે 51 શક્તિપીઠોમાંથી એક છે. તેઓ મંદિરમાં પ્રાર્થના પણ કરશે.

. . . . . .

# SHAH -GST REFORM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે નવી પેઢીના વસ્તુ કર સુધારાઓ ગરીબો , યુવાનો, ખેડૂતો અને મહિલાઓની સેવા કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મજબૂત સંકલ્પનો પુરાવો છે.

શ્રેણીબદ્ધ રીતે કરાયેલા સોશિયલ મીડિયા પોષ્ટમાં શ્રી શાહે કહ્યું કે, નવા સુધારાઓ વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ પર જીએસટી દરોમાં ભારે ઘટાડા સાથે તેમના ખર્ચમાં વધુ ઘટાડો કરશે. તેમણે કહ્યું કે , આ સુધારાઓ ભારતના વિકાસના ચક્રને વિશ્વનો સૌથી સમૃદ્ધ દેશ બનવાના માર્ગ પરની ગતિ વધારશે..

ગૃહમંત્રીએ કહ્યું કે મોદી સરકાર મધ્યમ વર્ગની આવકમાં વધારો કરી રહી છે , તેમના માટે પુષ્કળ તકો ઉભી કરી રહી છે અને ખાતરી કરી રહી છે કે જીએસટી સુધારા દ્વારા તેમની બચત સતત વધે.

શ્રી શાહે કહ્યું કે , દૈનિક આવશ્યક ચીજવસ્તુઓ , આરોગ્યસંભાળ ઉત્પાદનો , ઇલેક્ટ્રોનિક ઉપકરણો અને શૈક્ષણિક વસ્તુઓના જીએસટી દરમાં ભારે ઘટાડો તેમની નિકાલજોગ આવકમાં વધારો કરશે અને તેમને વધુ બચત કરવા માટે પ્રોત્સાહિત કરશે.

. . .

# RAJNATH-MOROCCO

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે મોરોક્કોની બે દિવસીય સત્તાવાર મુલાકાત દરમિયાન રબાતમાં ભારતીય સમુદાય સાથે વાતચીત કરીને યજમાન દેશ અને વતન બંનેમાં તેમના યોગદાનની પ્રશંસા કરી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર રાજનાથ સિંહે મોરોક્કોમાં ભારતીય સમુદાય માટે તેમની પ્રશંસા વ્યક્ત કરી. શ્રી સિંહે છેલ્લા દાયકામાં અર્થતંત્ર, ઉત્પાદન, ટેકનોલોજી, સ્ટાર્ટઅપ્સ, ડિજિટલ ક્રાંતિ અને સંરક્ષણ ક્ષમતાઓ સહિત અનેક પરિમાણોમાં ભારતની પરિવર્તનશીલ યાત્રા પર પ્રકાશ પાડ્યો.

સંરક્ષણ મંત્રાલયના સત્તાવાર નિવેદન અનુસાર, મોરોક્કોના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રીના આમંત્રણ પર યોજાયેલી આ મુલાકાતનો હેતુ બંને રાષ્ટ્રો વચ્ચે સંરક્ષણ, વ્યૂહાત્મક અને ઔદ્યોગિક સહયોગને મજબૂત બનાવવાનો છે. શ્રી સિંહ મોરોક્કોના સંરક્ષણ મંત્રી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.

તેઓ ઔદ્યોગિક સહયોગ વધારવા માટે મોરોક્કોના ઉદ્યોગ અને વેપાર મંત્રીની પણ મુલાકાત લેશે. બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ પર સમજૂતી કરાર થવાની પણ શક્યતા છે.

. . .

# NAVY CHIEF - SRILANKA

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠી આજથી શ્રીલંકાના ચાર દિવસના સત્તાવાર પ્રવાસે જશે. તેઓ શ્રીલંકાના પ્રધાનમંત્રી ડૉ. હરિણી અમરસુરિયાને મળશે. એડમિરલ ત્રિપાઠી શ્રીલંકાની ત્રણેય સેવાઓના વડાઓ સાથે સંરક્ષણ સહયોગના મુદ્દાઓ પર દ્વિપક્ષીય ચર્ચા કરશે , જેમાં દરિયાઈ સુરક્ષા , ક્ષમતા વૃદ્ધિ, તાલીમ અને સહયોગને મજબૂત બનાવવા માટેના માર્ગો અંગે ભાર મૂકવામાં આવશે.

નૌકાદળના વડા કોલંબો ખાતે બદલાતી ગતિશીલતા હેઠળ હિંદ મહાસાગરના દરિયાઈ દૃષ્ટિકોણ વિષય પર ગેલ ડાયલોગ 2025 - આંતરરાષ્ટ્રીય દરિયાઈ પરિષદના 12મા સંસ્કરણમાં પણ ભાગ લેશે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ મુલાકાત બંને દેશો વચ્ચેના પરસ્પર આદર , દરિયાઈ વિશ્વાસ અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે એક સહિયારા દ્રષ્ટિકોણ પર આધારિત છે.

. . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. .

# BHUPENDER-CPCB

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવે ગ્રીન અને સ્વચ્છ ભારતના વિકાસમાં કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સીપીસીબી ની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો.

નવી દિલ્હીમાં સીપીસીબીના 51મા સ્થાપના દિવસમાં સંબોધન કરતાં તેમણે આમ જણાવ્યુ હતું. શ્રી યાદવે ટેકનોલોજી, વિજ્ઞાન અને સચોટ ડેટા દ્વારા પ્રદૂષણ સામે લડવા માટે સીપીસીબી સાથે સંકળાયેલા તમામ લોકોને તેમના સમર્પિત પ્રયાસો બદલ અભિનંદન આપ્યા.

જીએસટી સુધારાઓ વિશે વાત કરતા , શ્રી યાદવે ખોરાક , ઘરગથ્થુ સામાન, ઘર બાંધકામ સામગ્રી, ઓટોમોબાઇલ્સ, કૃષિ, શિક્ષણ અને તબીબી અને આરોગ્ય વીમા સહિત 390 થી વધુ વસ્તુઓ પર કરમાં ઐતિહાસિક ઘટાડા પર પ્રકાશ પાડ્યો હતો.

. . . .

# VP - PM BOOKS

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભાષણો પર આધારિત બે સંકલિત પુસ્તકો , "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ"નું વિમોચન કર્યું.

આ પ્રસંગે બોલતા, શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે પ્રધાનમંત્રી મોદી ભારત અને વિદેશમાં લાખો લોકો માટે પ્રેરણારૂપ છે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના બીજા કાર્યકાળના ચોથા અને પાંચમા વર્ષના પસંદગીના ભાષણો ધરાવતા આ પુસ્તકો ઘણી રીતે તેમના દ્રષ્ટિકોણ અને સુશાસન પ્રત્યેના અભિગમને પ્રતિબિંબિત કરે છે.

આ પ્રસંગે, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીએ રાજકારણને જાહેર સેવાના માધ્યમમાં પરિવર્તિત કર્યું છે. શ્રી વૈષ્ણવે ભાર મૂક્યો હતો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ , ભારત વિશ્વનો સૌથી મોટો ખાદ્ય સુરક્ષા કાર્યક્રમ અમલમાં મૂકી રહ્યું છે , જે 80 કરોડથી વધુ લોકોને મફત અનાજ પૂરું પાડે છે. તેમણે એ પણ માહિતી આપી હતી કે દેશભરમાં 54 કરોડ જન ધન ખાતા ખોલવામાં આવ્યા છે અને 13 કરોડ શૌચાલય બનાવવામાં આવ્યા છે.

રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ અને માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

. . .

# PM MODI

દેશભરમાં આજથી નવરાત્રી પર્વનો આરંભ થયો છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને નવરાત્રીની શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ આશા વ્યક્ત કરી હતી કે હિંમત , સંયમ અને નિશ્ચયની ભક્તિથી ભરેલો આ પવિત્ર તહેવાર દરેકના જીવનમાં નવી શક્તિ અને નવો વિશ્વાસ લાવશે.

તેમણે કહ્યું કે , આજે નવરાત્રીમાં મા શૈલપુત્રીની પૂજાનો દિવસ છે. શ્રી મોદીએ કામના કરી હતી કે માતા દેવીના પ્રેમ અને આશીર્વાદથી , દરેકનું જીવન સૌભાગ્ય અને સ્વાસ્થ્યથી ભરેલું રહે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે , નવરાત્રીનો આ શુભ અવસર આ વખતે ખૂબ જ ખાસ છે. તેમણે કહ્યું કે, GST બચત ઉત્સવની સાથે, સ્વદેશીનો મંત્ર આ સમય દરમિયાન નવી ઉર્જા પ્રાપ્ત કરશે. તેમણે વિકસિત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને પ્રાપ્ત કરવા માટે દરેકને સામૂહિક પ્રયાસોમાં જોડાવા હાકલ કરી.

. . . . . . . . . . .

# JAYSHANKAR-PHILIPPINES

ન્યુ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 80મા સત્ર પહેલા આજે વિદેશ મંત્રી એસ. જયશંકરે ફિલિપાઇન્સના વિદેશ સચિવ થેરેસા લાઝારો સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ સંયુક્ત રાષ્ટ્ર અને ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ભારત અને ફિલિપાઇન્સ વચ્ચે સહયોગ અંગે ચર્ચા કરી.

શ્રી જયશંકરે સોશિયલ મીડિયાના મધ્યમથી જણાવ્યુ હતું કે તેઓ ફિલિપાઇન્સના વિદેશ સચિવ થેરેસા લાઝારોને મળીને ખુશ છે. લાઝારોએ પણ સોશિયલ મીડિયાના મધ્યમથી તેમની આ મુલાકાત રાજકીય , સંરક્ષણ અને સુરક્ષા , દરિયાઇ ક્ષેત્ર વગેરેમાં સક્રિય રીતે સહયોગ વિકસાવવા માટે વ્યૂહાત્મક ભાગીદારો તરીકે બે દેશોની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપે છે તેમ કહ્યું હતું.

. . . . . .